**ફોજદારી પરચુરણ અરજી નં.૧૩/૨૦૨૨**

**// આંક–૭ તળે હુકમ //**

૧. હાલની અરજી અરજદારણના વિ.વકીલશ્રી ધ્વારા ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણની કલમ–૨૨ હેઠળ કરવામાં આવેલ હુકમનુ પાલન અને રકમ મેળવવા માટે રેવન્યુ રાહે મિલકતમાંથી વસુલ લેવા અરજી કરવામાં આવેલ છે. જે અરજીની વિરુધ્ધમાં સામાવાળા તરફથી વાંધો લેવામાં આવેલ છે કે, આ હુકમની અમલવારી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ મુજબ થઈ શકે નહિં અને ડોમેસ્ટીક વાયોલન્સ અન્વયે સેકશન ૧૨ નીચે જે ભરણપોષણનો હુકમ થયેલ હોય તો જ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫(૩) અન્વયે રીકવરી થઈ શકે. ડોમેસ્ટીક વાયોલન્સની કલમ–૨૯માં જણાવ્યા અનુસાર ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૨ નીચેની હુકમની રેમેડી ૧૨૫(૩)ની જોગવાઈમાં આવતુ નથી. જેથી અરજી રદ થવા સામાવાળા તરફથી અરજ કરવામાં આવેલ છે. વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ડોમેસ્ટીક વાયોલન્સ એકટની રેમેડી સીવીલ નેચરની હોય તેથી સેકશન–૨૨ નીચે થયેલ હુકમની અમલવારી ક્રિ.પો.કોડની કલમ–૧૨૫(૩) નીચે થઈ શકે નહિં. જેથી અરજી રદ કરવા સામાવાળ તરફથી જણાવેલ છે.

૨. અરજી વંચાણે લીધી. સામાવાળાનો જવાબ ધ્યાને લીધો. મુખ્ય અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરતા સામાવાળા હાજર રહી આંક–૭થી રજુ થયેલ અરજીનો જવાબ આપેલ છે. અન્નેની કોર્ટ ધ્વારા પસાર કરવામાં આવેલ હુકમ હાલની અરજી સાથે રજુ કરવામાં આવેલ છે. જેમા વળતર પેટે રુા.૧૫,૦૦૦/– ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૨ તળે અરજદારણની તરફેણમાં ચુકવવા સામાવાળા વિરુધ્ધ હુકમ કરવામાં આવેલ છે. આ તબકકે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૨ ધ્યાને લેવામાં આવે તો સદરહુ કલમમાં આ

કાયદામાં અન્ય રીતે દર્શાવેલ ન હોય તો કલમ–૧૨, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ હેઠળની તમામ કાર્યવાહીઓ તથા કલમ–૩૧ હેઠળ ગુનાઓની કાર્યવાહીઓનુ સંચાલન ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ધ્વારા થશે. આ તબકકે ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણના નિયમ–૬ પેટા નિયમ–૫ ધ્યાને લેવામાં આવે તો કલમ–૧૨ હેઠળ કરાયેલ અરજીઓમાં થયેલ હુકમની અમલવારી ફોજદારી કાર્ય સંહિતા ૧૯૭૩ની કલમ–૧૨૫ માં જણાવેલ રીત મુજબ કરવાનુ રહેશે. તેથી ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમની કલમ–૨૨ હેઠળ કરવામાં આવેલ હુકમની અમલવારી ફોજદારી કાર્ય સંહિતાની કલમ–૧૨૫ હેઠળની જોગવાઈ મુજબ થાય.

૩. ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તથા ભારતીય ફોજદારી કાર્ય સંહિતા તેમજ નામદાર કર્ણાટક હાઈકોર્ટ (ધરવડ બેન્ચ) ધ્વારા પસાર કરવામાં આવેલ. રેણુકા વિરુધ્ધ યાલાગુરેશ શિવન પ્પા ચંદ્ગગીરી જે રીટ પીટીશન નં.૧૦૨૪૪૮/૨૧માં પસાર કરવામાં આવેલ છે તે ચુકાદામાં પણ નામ.કર્ણાટક હાઈકોર્ટ ધ્વારા એવો ચુકાદો આપવામાં આવેલ કે, ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૨ હેઠળની અરજીમાં થયેલ હુકમની અમલવારી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ની જોગવાઈ મુજબ કરવાની રહેશે. તેથી અરજદારણ ધ્વારા કરવામાં આવેલ અરજી અત્રેની કોર્ટ સમક્ષ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ હેઠળ ચાલવાપાત્ર છે તથા સામાવાળા ધ્વારા લેવામાં આવેલ વાંધા ગ્રાહય રાખવામાં આવતા નથી. તેમજ સામાવાળાને નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૨ મુજબ કરવામાં આવેલ હુકમની રકમ કોર્ટ સમક્ષ જમા કરાવેલ નથી. જેથી સામાવાળા વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫(૩) મુજબનુ વોરન્ટ કાઢવા હુકમ કરવા યોગ્ય જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>// હુ ક મ //</u>**

હાલની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

આ કામના સામવાળા વિરુધ્ધ હાલની આંક–૧થી રજુ થયેલ અરજીમાં જણાવ્યા મુજબની વળતર પેટેની રકમ રુા.૧૫,૦૦૦/– તથા અરજી ખર્ચની રકમ રુા.૩,૦૦૦/– મળી કુલ રુા.૧૮,૦૦૦/–(અંકે રુપિયા અઠાર હજાર) પુરાનું જંગમ મિલકત જપ્તી વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૮ મી, માહે માર્ચ, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**વંથલી.**

**( સંજીવ કુમાર)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,**
**વંથલી.**
**(જજ કોડ નં.જીજે૦૧૨૨૧)**